# રાફેલ મુદ્દે પ્રધાનમંત્રી પ્રજાને જવાબ આપે : રાહુલ ગાંધી

## ગુજરાત ચૂંટણીને અનુલક્ષી લોકસભાનું શિયાળુ સત્ર પણ ભાજપ સરકાર બોલાવી શકી નથી : દહેગામમાં રાહુલ ગાંધીની જાહેરસભામાં માનવ મહેરામણ ઉમટ્યો

ગાંધીનગર, તા. ૨૫

સામાન્ય દિવસોમાં નવેમ્બર માસમાં વિધાનસભા અને લોકસભાનું સત્ર મળતું હોય છે. પરંતુ આગામી ગુજરાતની ચુંટણીને અનુલક્ષીને વિધાનસભા અને લોકસભાનું સત્ર ડિસેમ્બર માસમાં મળશે. અમિત શાહના દિકરા જય શાહની કંપની ૫૦ હજારમાંથી રાતોરાત ૮૦ કરોડની થઈ ગઈ તેમ કહીને ભાજપ સરકાર પર આકરા પ્રહારો આજે દહેગામ ખાતે રાહુલ ગાંધીએ કર્યા હતા. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે હિન્દુસ્તાનની વાયુસેના માટે ૧૨૬ રાફેલ હવાઈ યુધ્ધ જહાજ ખરીદવાના હતા. એચએએલ કંપની વર્ષોથી એરફોર્સ માટે યુધ્ધ જહાજ બનાવે છે. ત્યારે ફ્રાન્સમાં જઈને મોદીએ પુરા કોન્ટ્રાકટને બદલી નાંખ્યો છે. રાહુલ ગાંધીએ મોદી પર નિશાન સાંધતા જણાવ્યું હતું કે મારે ત્રણ પ્રશ્નો મોદીજીને પુછવા છે કે રાફેલ હવાઈ યુધ્ધ જહાજનો આર્ડર જે કંપનીને આપવામાં આવ્યો છે તે કંપનીએ જીંદગીમાં એરફોર્સનું જહાજ બનાવવાનું કામ કર્યુ છે.? પહેલા કોન્ટ્રાકટ અને બીજા કોન્ટ્રાકટમાં ફર્ક છે કે નહીં.? એચએએલ કંપની પાસેથી કોન્ટ્રાકટ છીનવીને ઉદ્યોગપતિને કેમ આપવામાં આવ્યો તેમજ આ ઉદ્યોગપતિને કોન્ટ્રાકટ નિયમ મુજબ આપવામાં આવ્યો છે કે કેમ.? ન ખાઉંગા ન ખાને દુંગા કહેનાર મોદી જય શાહ અને રાફેલ કેસમાં કેમ કંઈ બોલતા નથી. રાફેલ અંગે પ્રધાનમંત્રીની મનકી બાત શું કહે છે.! સહિતના પ્રશ્નોને લઈ ભાજપ અને મોદી સરકારને દહેગામમાં આયોજીત સભામાં આડે હાથ લીધી હતી.








આ પ્રસંગે વધુમાં રાહુલ ગાંધીએ જણાવતા કહ્યું કે મનરેગા માટે યુપીએ સરકારે ગુજરાત સરકારને રૂ.૩૫ હજાર કરોડ આપ્યા હતા. ત્યારે મોદીએ માત્ર એક કંપનીને ટાટા નેનો માટે જનતાના રૂ.૩૩ હજાર આપી દીધા છે. રાજયની પ્રજા જાદુગરની જેમ છુમંતર થઈ ગયા છે. આ રૂપીયા બાળકોના ભવિષ્ય માટે શિક્ષણ અને આરોગ્યમાં ઉપયોગ કર્યા હોત તો વધુ સારુ થાત. વાલીઓને બાળકોના શિક્ષણ માટે લાખો રૂપીયા ફી ભરવી ન પડત તેમજ આરોગ્યમાં પણ વિના મુલ્યે સીટીસ્કેન તેમજ એમઆરઆઈ થઈ જાત. રાજય સરકાર પાંચ ઉદ્યાગપતિઓની છે. ગુજરાત મોડલની આ વરવી વાસ્તવિકતા છે. સમગ્ર ભારતમાં ૩૦ લાખ લોકો બેરોજગાર છે, ચીન ૨૪ કલાકમાં ૫૦ હજાર યુવાનોને નોકરી આપે છે. ત્યારે ગુજરાત માત્ર ૪૫૦ યુવાનોને રોજગારી મળે છે. દેશમાંથી અંગ્રેજોને મહાત્માં ગાંધી અને સરદાર પટેલે ભગાવ્યા હતા તે તાકાત આ ધરાની છે. તે શકિતનો ઉપયોગ દેશને કરવો પડશે, ચાઈનીઝ છોકરો સેલ્ફી લે તો તેના મોબાઈલ ફોન પર મેઈડ ઈન ગુજરાત લખેલું હોવું જોઈએ તે દિવસ આવવો જોઈએ તેમ કહી પોતાની વાત પુરી કરી હતી.

સવારથી જ દહેગામ શહેરમાં રાહુલ ગાંધી આવવાના હોવાથી અનોખો માહોલ જોવા મળ્યો હતો. માર્ગની બંન્ને બાજુ યુથ કોંગ્રેસના કાર્યકરો અને ક્ષત્રિય ઠાકોર સેનાના કાર્યકરો પુષ્પગુંચ્છ લઈને સ્વાગત માટે ઉભા હતા. ડી.જે. ઢોલ-નગારા સાથે કાર્યકરો દેશભકિતના ગીતો વગાડી રહ્યા હતા. માર્ગ પર ટ્રાફિકજામ ન થાય તે માટે પોલીસનો સઘન બંદોબસ્તો ગોઠવાયો હતો. રાહુલ ગાંધીને નિહાળવા માટે નાગરીકો ધાબા પર ગોઠવાઈ ગયા હતા. દહેગામ શહેરમાં માનવ મહેરામણ ઉમટયો હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. આ પ્રસંગે ગુજરાત પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી, કોંગ્રેસના અગ્રણી અને ગુજરાતના પ્રભારી અશોક ગેહલોત, દહેગામના ધારાસભ્ય કામીનીબા રાઠોડ, ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સુર્યસિંહ ડાભી, કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોર, કોંગ્રેસના અગ્રણી સાગરભાઈ રાયકા, દહેગામ કોંગ્રેસના અગ્રણી ભુપેન્દ્રસિંહ રાઠોડ, દહેગામ તાલુકા પ્રમુખ, યુથ કોંગ્રેસના કાર્યકરો સહિત મોટીસંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો તેમજ સ્થાનિક નાગરીકો હાજર રહ્યા હતા.



કોંગ્રેસમાં ઉગ્ર દેખાવો : ગાંધીનગર દક્ષિણની બેઠક પર કોંગ્રેસના ઉમેદવારની પસંદગીના મામલે વાતાવરણ ગરમાયું. ઠાકોર સેનાના કોંગ્રેસમાં વિલીનીકરણના પગલે અલ્પેશના સાથીદારો પૈકી એક સાથીને ગાંધીનગર દક્ષિણ પર ટિકિટ આપવાની અફવા પ્રસરતા કોંગ્રેસના કાર્યકરોએ જિલ્લા કાર્યાલય ખાતે ઉગ્ર દેખાવો કર્યા હતા.

# ઓલ ઈન્ડિયા અને વેસ્ટ ઝોન ઈન્ટર યુનિવર્સિટીની ખો-ખો બહેનોની સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત વિદ્યાપીઠના શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા સાદરા દ્વારા ઓલ ઈન્ડિયા અને વેસ્ટ ઝોન ઈન્ટર યુનિવર્સિટી ખો-ખો બહેનોની સ્પર્ધાનું આયોજન તા. ૩૦મી નવેમ્બરથી ૬ ડિસેમ્બર સુધી કરવામાં આવ્યું છે. જેમાં વેસ્ટઝોન યુનિવર્સિટી ખોખોની સ્પર્ધાનું આયોજન તા. ૩૦મી નવેમ્બરથી યોજાશે.

પાંચ રાજ્યોની મધ્યપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, ગુજરાત અને ગોવાની અંદાજિત ૫૫ યુનિવર્સિટીની ટીમો ભાગ લેશે. ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટીમાં ૧૬ યુનિવર્સિટીઓ ભાગ લેશે. અગાઉ સાદરા સંસ્થા દ્વારા શ્રેષ્ઠ આયોજન કરવામાં આવેલ છે. ઉપરોક્ત માહિતી ડૉ. ઉદાજી પરમાર, ડો. ગીતાબેન પટેલ અને પ્રો. જમનાદાસ સાવલીયાએ આપી હતી.

# રાજકીય પક્ષો માટે દહેગામ બેઠક પર ખરાખરીનો જંગ જામશે

ગાંધીનગર જિલ્લાની દહેગામ વિધાનસભા બેઠક કોંગ્રેસનો ગઢ ગણાય છે. આ બેઠક પરથી ગત્ ચુંટણીમાં કોંગ્રેસના કામીની બા રાઠોડ ચુંટાઈ આવ્યા હતા. આ ચુંટણીમાં પણ તેઓનું સ્થાન લગભગ નક્કી જ છે. ત્યારે ભાજપ તરફથી પણ પૂર્વ ધારાસભ્યના પુત્ર બલરાજસિંહ ચૌહાણને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. ભાજપે મજબુત દાવેદાર ઉભા રાખતા આ બેઠક પર ખરાખરીનો જંગ જામશે તેવું સ્થાનિક નાગરીકોનું પણ માનવુ છે. જે પણ ઉમેદવાર જીતશે તે પાતળી બહુમતીથી જીત મેળવશે. ભાજપના બલરાજસિંહ ચૌહાણ નોટરી તેમજ વકીલાત કરે છે. તેઓ દહેગામના સ્થાનિક વેપારીઓ, ખેડુતો તેમજ ગ્રામ્ય વિસ્તારમાં નામના ધરાવે છે. સામાજીક તેમજ સેવાકીય પ્રવૃતિમાં અગ્રેસર રહેતા બલરાજસિંહ ચૌહાણને ટીકીટ આપતા ભાજપના કાર્યકરોમાં પણ હર્ષની લાગણી ફેલાઈ છે. તો બીજીતરફ કોંગ્રેસના કામીની બા રાઠોડ સીટીંગ ધારાસભ્ય છે. દહેગામ શહેરના પ્રાણપ્રશ્નોને વાચા આપવાનું કામ તેમણે કર્યુ છે. દહેગામ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારના મતદારોમાં ખાસ કરીને મહિલા મતદારોમાં તેમનું આગવી ઓળખ પ્રસ્થાપિત કરી છે. દહેગામ શહેરના વેપારીઓ, ખેડુતો, સોસાયટીના પ્રશ્નો સહિત શહેરમાં સફાઈ, ટ્રાફિક જામ, માર્ગ રીપેરીંગ સહિતના કામ તેઓએ કરાવી લોક પ્રશ્નોને વાચા આપી છે. દહેગામ બેઠક પર ખરાખરીનો જંગ જામેલો છે. મતદારોને રીઝવવા ઉમેદવારો એડીચોટીનું જોર લગાવશે ત્યારે જોવાનું રહ્યું કે મતદારોનું શું કહેવું છે, તે પોતે શું માની રહ્યા છે. તે અંગે તેઓનુ શું મતવ્ય છે ચલો જાણીએ તેમના શબ્દોમાં...



યુસુફભાઈ ( વેપારી દહેગામ) - ગાંધીનગર જિલ્લાની દહેગામ બેઠક એ કોંગ્રેસનો ગઢ ગણાય છે. ઠાકોર સમાજના મત સૌથી વધુ હોવાથી આ બેઠક પર તેઓનું પ્રભુત્વ છે. ત્યારે ભાજપ તરફથી બલરાજસિંહ ચૌહાણને કોંગ્રેસના ગઢમાં ગાબડું કરવા માટે ઉતાર્યા છે. બલરાજસિંહ પાલુન્દ્રા ગામના વતની છે અને સ્થાનિક હોવાથી બંન્ને રાજકીય ઉમેદવારો વચ્ચે કશમકશનો જંગ જામશે.

●●●



બાબુભાઈ (વેપારી દહેગામ) : બંન્ને રાજકીય પક્ષ વચ્ચે આ વખતે ટક્કર રહેશે. જે પણ ઉમેદવાર આ બેઠક પર વિજય થશે તેની બહુમતિ બહુ પાતળી રહેશે. આ બેઠક પર અપક્ષ ઉમેદવારો હોવાથી તેઓ પણ ઘણાખરા વોટ તોડી શકે છે. કોંગ્રેસનો ગઢ હોવા છતા આ ચુંટણીમાં કોણ જીતશે તે કહેવું મુશ્કેલ છે. તેમ છતા દેખતે હે આગે આગે હોતા હે ક્યા..

કામીનીબા રાઠોડ ફોટો - ગુજરાત રાજયમાં મોંઘવારીએ માજા મુકી છે. રાજયની પ્રજા મોંઘવારીમાં પીસાઈ અને ભીંસાઈ રહી છે. કર્મચારીઓ, ખેડુતોના પ્રશ્નો યથાવત રહેવા પામ્યા છે માત્ર ચુંટણી ટાણે ભાજપ સરકાર ભ્રામક વાતો કરીને પ્રજાને છેતરી જાય છે. ભાજપ ભ્રષ્ટ્રાચાર અને જુઠાણા ચલાવે જાય છે. રાજયની પ્રજા તેઓને ઓળખી ગઈ છે. આવનારા દિવસોની અંદર પ્રજા તેનો જવાબ આપશે અને સત્યનો વિજય થશે અને ગુજરાતમાં સોનાનો સુરજ ઉગશે.

# લેવલીંગ અને પેચવર્ક પુર્ણ કરાયા બાદ સેકટરોના માર્ગોને ફાઈનલ કોટ કરાશે

## સેકટરોમાં માર્ગોની સપાટીનુ કામ આખરી થયા બાદ રહીશોના પ્રશ્નો હલ થઇ જશે

ગાંધીનગર તા ૨૫

સેકટરોમાં હાલ આંતરિક માર્ગોની સુધારણાનુ કામ ચાલી રહયુ છે. ત્યારે માર્ગો પર વરસાદી દિવસોમાં પાણીનો ભરાવો અટકાવવા માટે યોગ્ય લેવલીંગ પણ કરવામાં આવી રહયુ છે. સેકટરોના રીંગ રોડ પર માર્ગોની કામગીરીના અનુસંધાને ફાઈનલ વેરીંગ કોટ કરવામાં આવ્યો નથી. રસ્તાની સપાટીનુ કામ પુર્ણ થયા બાદ સ્થાનિકોમાં કોઈ ફરિયાદને અવકાશ નહીં રહે તેમ પણ તંત્રના અધિકારીઓએ જણાંવ્યુ છે. માર્ગ નિર્માણની કામગીરીને અનુલક્ષી ઉચ્ચ અધિકારીઓ દ્વારા સતત ગુણવત્તા સંદર્ભે પણ ચકાસણી કરવામાં આવી રહી છે. જયારે માર્ગ નિર્માણ અન્વયે મટીરીયલ્સનુ પણ લેબોરેટરીમાં ટેસ્ટીંગ કરવામાં આવે છે.

શહેરના સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ પ્રગતિ હેઠળ છે. સેકટરોમાં વર્ષોના અંતે માર્ગોને ચકાચક બનાવવા માટેની કામગીરી ચાલી રહી છે. સેકટરોમાં પેવર બ્લોક તેમજ ખોદકામના લીધે માર્ગો આમ પણ નિચાણમાં ધકેલાઈ ગયા છે. ત્યારે માર્ગોના અસ્તિત્વ સામે જોખમ ઉભુ થયુ છે. ગત ચોમાસા દરમિયાન પણ વરસાદી પાણીના ભરાવાના લીધે માર્ગોનુ ધોવાણ થયુ હતુ. જયારે માર્ગોના અસ્તિત્વને ટકાવી રાખવા માટે યોગ્ય લેવલીંગ કરવાનુ અનિવાર્ય હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. આવા સંજોગોમાં માર્ગ સુધારણાની કામગીરી દરમિયાન સેકટરોમાં માર્ગો પરથી કાંકરી ઉખડતી હોવાની ફરિયાદો પણ સ્થાનિકોમાં ઉઠવા પામી છે. ત્યારે તંત્રના જણાંવ્યા મુજબ સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરી દરમિયાન ફાઈનલ વેરીંગ કોટ કરવાનુ કામ બાકી છે. સેકટરોના આંતરિક માર્ગોના પેચ વર્કનુ કામ પુર્ણ થયા બાદ માર્ગોની સપાટી પણ યોગ્ય કરી દેવાશે. જેના અંતે માર્ગોની સપાટીને લગતી કોઈ સમસ્યા ઉદભવશે નહીં જયારે માર્ગોને અનુલક્ષી રૂટમાં આવતી ગટર લાઈનના ઢાંકણના લેવલ ઉંચા કરવાનુ પણ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યુ છે. જયારે ગમે ત્યાં બમ્પ બનાવવાથી માર્ગ સલામતી જોખમાવાની સાથે પાણી નિકાલમાં પણ અવરોધ ઉભો થાય છે. જેથી સ્થાનિકોને આ પ્રકારનો આગ્રહ ન રાખવા માટે તંત્રએ અપીલ કરી છે.

# જાહેર આરોગ્ય માટે સામાજિક જાગૃતિ અનિવાર્ય

## જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા 'સંવેદના' સેમિનાર યોજાયો : કામ પોતીકુ ગણી કરીએ તો તનાવ નહિ અનુભવો : ડી.ડી.ઓ. દેસાઈ

ગાંધીનગર, તા. ૨૫

જાહેર આરોગ્ય માટે વ્યક્તિની જાગૃતતા અને સામાજિક જાગૃતિ અત્યંત મહત્વની છે તેમ ગાંધીનગર મેડીકલ કોલેજના પૂર્વ ડીન અને પૂર્વ નિયામકશ્રી આરોગ્ય સેવા ડૉ. વાસુદેવ રાવલે આજે જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા યોજેલ 'સંવેદના' સેમિનારમાં બોલતાં કહ્યા હતા.

તેમણે જણાવ્યુ હતુ કે વ્યક્તી પોતે જાગૃત હશે તો સમાજ જાગૃત બનશે. તેમણે આરોગ્ય વિષયક જનજાગૃતિ અભિયાનમાં બદલાવની હિમાયત કરતાં કહ્યું હતું કે વ્યક્તીગત જાગૃતિ પર ભાર મુકવામાં આવે તે જરૂરી છે.

તેમણે આરોગ્ય શિક્ષણ માટે પણ ખાસ વિષય શાળા કક્ષાએ દાખલ કરવો જોઈએ જેથી નાનપણથી જ બાળક સ્વચ્છતા, સ્વસ્થતા સહિતની બાબતોની જાણકારી મેળવી શકે.

ડાબા પડખે સુવુ જોઈએ; મચ્છરોની ઉત્પત્તિ કેવી રીતે અટકાવી શકાય અને સ્વચ્છતાનું શું મહત્વ છે જીંદગીમાં તેવી નાની-નાની બાબતોની કાળજી બાળપણથી જ લેવાય તે જરૂરી છે.

તેમણે જણાવ્યું કે આરોગ્ય અને તબીબ એ બન્ને અલગ-અલગ બાબત છે પણ તે વિશે હજુ આપણે જાગૃતિ લાવી શક્યા નથી એ દુ:ખદ છે.

આ પ્રસંગે બોલતાં જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ જણાવ્યું હતું કે કામને પોતીકુ ગણી તંત્રના કર્મચારીઓ કરે તો તેમને થાક અને તનાવ નહિ લાગે. કામને ફરજ સમજવી જોઈએ. આરોગ્ય તંત્રનો કર્મયોગી સંવેદનાસભર હોય તે જરૂરી અને આવશ્યક છે.

દેસાઈએ જણાવ્યું હતું કે કામગીરી કરવા માટે છે તેવુ નહિ પણ પોતીકુ છે અને સૌના સહિયારા પ્રયાસથી આપણે સ્વચ્છ સમાજની રચના તરફ આગળ વધીએ તે જરૂરી છે. રોગચાળો થાય ત્યારે દોડીએ તેવુ નહિ પણ રોગચાળો થાય જ નહિ તેની કાળજી લેતા થઈએ તે જરૂરી છે.

આજના આ સેમિનારમાં અધિક નિયામક ડૉ. નિલય પટેલ અને આસિ. પ્રોફેસર જી.એચ.ઈ.આર.એસ. કોલેજના ડૉ. નિલેશ ઠાકોરે પણ સમાજિક જાગૃતિ અને સંવેદનાને લઈ પ્રાસંગિક ઉદ્બોધનો કર્યા હતા.

આ સેમિનારમાં જિલ્લા આરોગ્ય તંત્રના જુદા જુદા સંવર્ગના ૨૦૦થી વધુ કર્મયોગીઓ જોડાયા હતા. તંત્ર દ્વારા છેલ્લા એક સપ્તાહથી આ સેમિનારને સફળ બનાવવાની કવાયત હાથ ધરવામાં આવી હતી.

# કાલોલની બેઠક માટે બાપ-દીકરો સામ-સામે : ભાજપમાં વધુ એક ડખો

અમદાવાદ,તા.૨૫

ભાજપે આજે તેના ઉમેદવારોની જાહેર કરેલી પાંચમી યાદીમાં પંચમહાલના કાલોલ વિધાનસભા બેઠક પરથી સાંસદ પ્રભાતસિંહ ચૌહાણના પૂત્રવધુ સુમનબહેન ચૌહાણને ટિકિટ ફાળવતાં સાંસદ પ્રભાતસિંહના ઘરમાં થયેલો ડખો આજે વધુ ચગડોળે ચઢયો હતો. ગઈકાલે સુમનબહેનની સાસુ રંગેશ્વરી ચૌહાણે કરેલા વિરોધ બાદ આજે સસરા પ્રભાતસિંહે પણ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહને પાંચ પાનાનો એક પત્ર લખી તેમની પૂત્રવધુને ટિકિટ ફાળવવાને લઈ વિરોધ વ્યકત કર્યો છે અને તાત્કાલિક ધોરણે કાલોલ બેઠકના ઉમેદવાર બદલવાની માંગણી કરી છે. પ્રભાતસિંહે પત્રમાં એવી ચીમકી પણ આપી હતી કે, જો ભાજપ હારશે તો તેમની જવાબદારી નહી રહે. ભાજપના સાંસદ પ્રભાતસિંહ ચૌહાણે અમિત શાહને પત્ર લખી ભાજપના સી.કે.રાઉલજી પર પણ ગંભીર આક્ષેપો કર્યા છે. જેમાં તેમણે જણાવ્યું છે કે, સી.કે.રાઉલજી તેમના પુત્રને ભરમાવે છે અને ગેરમાર્ગે દોરે છે. તેમણે ભાજપ હાઈકમાન્ડને ઉદ્દેશીને જણાવ્યું છે કે, તેમનો પુત્ર બુટલેગર છે તેનો મતલબ એ નથી કે તેને ટિકિટ નહી આપીને પૂત્રવધુ આપી દેવાય. ભાજપ જો ચૂંટણીમાં આ બેઠક પરથી હારશે તો તેમની કોઈ જવાબદારી નહી રહે. જેથી તાત્કાલિક ધોરણે કાલોલ બેઠકના ઉમેદવારનો બદલવામાં આવે. ભાજપે ગઈકાલે જાહેર કરેલી ૧૩ ઉમેદવારોની યાદીમાં ભાજપ હાઈકમાન્ડે એક માત્ર મહિલા ઉમેદવાર સુમનબહેન ચૌહાણને કાલોલ વિધાનસભા બેઠકની આ ટિકિટ ફાળવી હતી પરંતુ આ ટિકિટને લઈ હવે પ્રભાતસિંહના પત્ની અને પૂત્રવધુ વચ્ચે ડખો ઉભો થયો હતો. કારણ કે, આ બેઠક પરથી પ્રભાતસિંહના પત્ની રંગેશ્વરી ચૌહાણ ચૂંટણી લડવા માંગતા હતા. સાંસદ પ્રભાતસિંહ ચૌહાણે પણ આ અંગેની માંગણી કરી હતી. બીજીબાજુ, ભાજપ દ્વારા કાલોલ બેઠક માટે સુમનબહેન ચૌહાણનું નામ જાહેર થતાં સાસુ રંગેશ્વરી ચૌહાણે ભારે નારાજગી વ્યકત કરી હતી અને તેમણે પોતાના એફબી પેજ પર કાલોલમાં પ્રચાર કરીને બતાવી તો જુઓ એ મતલબની ખુલ્લી ધમકી આપી હતી.

# દહેગામની ચૂંટણી જાહેરસભામાંથી આઠ ખિસ્સા કાતરુઓ ઝડપાયા

દહેગામ,તા.૨૫

કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી બે દિવસના ગુજરાતના પ્રવાસે છે ત્યારે ગુજરાતમાં ઠેરઠેર સભાઓ સંબોધી રહ્યા છે. રાહલુની સભામાં લાખો લોકોની જન મેદની ઉમટી પડે છે. આવા સંજોગોમાં ખિસ્સા કાતરું ઓ પણ પોતાની કળા બતાવવા પાછા પડતા નથી. ભીડનો લાભ ઉઠાવીને ખિસ્સા કાતરૂંઓ લોકોના ખિસ્સા કાપતા હોવાની ઘટના રાહુલ ગાંધીની સભામાં જોવા મળી હતી. પોલીસે રાહુલ ગાંધીની દહેગામની સભામાં ૮ ખિસ્સા કાતરુંઓ પકડ્યા હતા. પોલીસ સુત્રોના જણાવ્યા પ્રમાણે ચિલોડામાં રાહુલની સભામાં ૪૦થી વધુ ખિસ્સા કપાયા હતા. આમ દહેગામની સભામાં ૮ ખિસ્સા કાતરૂઓને પકડી પાડ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, ગઈ કાલે રાહુલ ગાંધીએ પોરબંદરથી પોતાની યાત્રાનો પ્રારંભ કર્યો હતો. પોરબંદર ખાતે સભા સંબોધન અને જનસંપર્કના કાર્યક્રમો બાદ તેઓ અમદાવાદ ખાતે આવી પહોંચ્યા હતા. રાત્રિ રોકાણ બાદ આજે સવારના સમયે રાહુલ ગાંધી મધુસુદન મિસ્ત્રી, માધવસિંહ સોલંકી અને કોંગ્રેસના પૂર્વ સાંસદ ઈર્શાદ મિર્ઝાના ઘરે પહોંચ્યા હતા. આ મુલાકાત દરમિયાન તેમની સાથે ભરતસિંહ સોલંકી, અશોક ગેહલોત સહિતના નેતાઓ જોડાયા હતા. રાહુલ ગાંધી તેમના બીજા દિવસની ગુજરાત મુલાકાતમાં દહેગામથી કરી હતી. રાહુલ ગાંધીએ દહેગામ ખાતે સભા સંબોધી ભાજપ સરકાર પર શાબ્દિક પ્રહાર કર્યા હતા.

ટચૂકડી જાહેર ખબર

વેચવાનું છે

બે માળનું ટેનામેન્ટ,
B/18, મૃદુલપાર્ક-૪,
શાયોના સીટી નજીક, ઘાટલોડીયા,
મો. ૯૩૨૭૦ ૨૦૭૮૪